સત્સંગ
ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ

# વગર વિચાર્યે ઉતાવળિયું પગલું ભરનાર પાછળથી પસ્તાય છે

આચમન — બિપિન પટેલ

માનવી તો પરમાત્માની શ્રેષ્ઠ રચના છે. પરમાત્માએ તેને બુદ્ધિ અને વિવેક આપ્યાં છે. વિવેક આપીને પરમાત્માએ માનવીને સાવધાન કર્યો છે કે અન્ય યોનિઓમાં જે નથી તે વિવેક તારી પાસે છે. એટલે જે કંઈ કરો તે વિવેક વાપરીને



સમજીવિચારીને કરો. નહીં તો જેની પાસે વિવેક અને બુધ્ધિ નથી તે પશુ અને મનુષ્યમાં કોઈ ભેદ રહેશે નહીં! એક ઉક્તિ પ્રચલિત છે - ‘વિવેક વિના નર પશુ સમાન’ અને એમ પણ કહેવાયું છે- વગર વિચાર્યે જે કરે પાછળથી પસ્તાય! વિવેકનો ઉપયોગ કર્યા વિના ઉતાવળમાં કરેલાં કાર્યનું પરિણામ કેવળ પસ્તાવો જ હોવાની પૂરેપૂરી શક્યતા છે. કોઈ પણ કાર્ય કરતાં પહેલાં તેના પરિણામનો વિચાર કરવો જોઈએ અને કાર્ય કરવામાં ઉતાવળિયો નિર્ણય પણ લેવો ન જોઈએ. વેદ અને વિદ્વાનો કહે છે કે- સહસા કરિ પાછે પછિતાહીં- જે વગર વિચાર્યે ઉતાવળમાં કોઈ કાર્ય કરીને પછી પસ્તાય છે, તે બુધ્ધિમાન નથી.

શ્રીરામચરિતમાનસના અયોધ્યાકાંડનો નિષાદરાજ ગૃહ અને ભરતજી વચ્ચેનો પ્રસંગ ઉતાવળિયા નિર્ણય અને ગેરસમજનું એક અદભુત પ્રેરણાદાયક ઉદાહરણ છે. જે સૂચવે છે કે કોઈ વ્યક્તિ જ્યારે કોઈના વિશે ખોટો અભિપ્રાય બાંધીને ઉતાવળિયું પગલું ભરે છે ત્યારે ભારે અનર્થ થઈ શકે છે. એ પ્રસંગ કંઈક આવો છે- ભરતજી રામજીને મનાવવા માટે અને શક્ય બને તો વનમાં જ તેમનો રાજ્યાભિષેક કરવા માટે ચતુરંગિણી સેના સાથે ચિત્રકૂટ તરફ જઈ રહ્યા હતા. નિષાદરાજ ગુહે જ્યારે એ જાણ્યું ત્યારે તેમના મનમાં સંશય જાગ્યો કે ભરતજી સૈન્ય સાથે શા માટે આવી રહ્યા હશે?! નક્કી તેમના મનમાં કંઈક કાળું છે! જો તેમના મનમાં કોઈ કપટ ન હોત તો તેઓ એકલા જ આવ્યા હોત! સૈન્ય સાથે આવવાની શી જરૂર હતી? નક્કી તેમનો ઈરાદો શ્રીરામને હાનિ પહોંચાડવાનો છે. એવું વિચારીને નિષાદરાજે ક્રોધે ભરાઈને પોતાના સૈનિકોને ભરતજી સામે યુધ્ધ કરવા માટે સજ્જ થવાનો આદેશ પણ આપી દીધો. સૌ તૈયાર થઈને આગળ વધવાની તૈયારી જ કરતા હતા ત્યાં એક વડીલે સૂચન કર્યું કે, જરા થોભો! ઉતાવળ ન કરો. પહેલાં એ તો જાણો કે ભરતજી આવ્યા છે શા માટે? ઉતાવળ કરીને વગર વિચાર્યે પગલું ભરનાર પાછળથી પસ્તાય છે. માટે પહેલાં તપાસ તો કરો. તેમની વાત માનીને નિષાદરાજ ગયા તો ખરા ભરતજીને મળીને તેમના મનની વાત જાણવા. પરંતુ...?! ભરતજીએ જેવું જાણ્યું કે આ તો શ્રીરામના પ્રિય સખા ગુહ છે. તરત જ રથમાંથી કૂદીને તેઓ દોડયા અને નિષાદરાજ ગુહ કંઈ સમજે-વિચારે તે પહેલાં તો ભરતજીએ તેમને પોતાના પ્રગાઢ પ્રેમાલિંગનમાં બાંધી દીધા! નિષાદરાજ તો સ્તબ્ધ બની ગયા! ભરતજીના આવા વર્તનની તેમણે કલ્પના પણ કરી નહોતી. તેમની આંખોમાંથી અશ્રુધારા

> **વિવેક આપીને પરમાત્માએ માનવીને સાવધાન કર્યો છે કે અન્ય યોનિઓમાં જે નથી તે વિવેક તારી પાસે છે, એટલે જે કંઈ કરો તે વિવેક વાપરીને સમજીવિચારીને કરો**

વહેવા લાગી. તેમને અત્યંત ગ્લાનિ થઈ. પસ્તાવો પણ ખૂબ થયો- જો મેં કોઈ ઉતાવળિયું પગલું ભરી દીધું હોત તો? વગર વિચાર્યે ભરતજીને શત્રુ સમજીને તેમના પર આક્રમણ કરી દીધું હોત તો? ભારે અનર્થ થઈ જાત! પેલા વડીલે સાચું જ તો કહ્યું હતું- સહસા કરિ પછતાહિ બિમૂઢા- વગર વિચાર્યે ઉતાવળિયું પગલું ભરીને મૂર્ખ લોકો પસ્તાય છે!

# શક્તિ રૂપેણ સંસ્થિતા

અજવાળાં — દુર્ગેશ ઉપાધ્યાય

નવરાત્રિ એ શક્તિસાધનાનું મહાપર્વ છે. આસોની નવરાત્રિનું એક-એક નોરતું ઉત્તરોત્તર વધુ સાત્ત્વિક સ્વરૂપ તરફ ગતિ કરે છે. તેમાં દેવી (શક્તિ)નાં વિવિધ સ્વરૂપોની પૂજાનું મહત્ત્વ છે. ભારતમાં શક્તિપૂજા અનાર્યોના સમયથી જોવા મળે છે. નવરાત્રિ મૂળ તો શાક્તોનો ઉત્સવ છે પરંતુ તે ધર્મની સીમાઓ વટાવીને વ્યાપક અને સર્વસ્વીકૃત બન્યો છે. માતૃપૂજાની પરંપરા પ્રાચીન કાળથી ચાલી આવી છે.

ભારત અગાઉ પૂર્ણતઃ માતૃસત્તાક દેશ હતો, પરંતુ કાળક્રમે તેમાં પિતૃસત્તાક વ્યવસ્થાનો પ્રભાવ વધતો રહ્યો. જોકે, માતૃશક્તિનો આદર કરવો અને તેનું ગૌરવ જાળવવું એ ભારતીય જીવનપ્રણાલીનો પ્રાણ છે. એટલે જ કહેવાયું છે કે, માના ચરણોમાં સકળ વિશ્વ છે.

માતૃશક્તિ અને તેનાં વિવિધ સ્વરૂપો જ આ સકળ બ્રહ્માંડના આદિસ્રોત છે. ઋગ્વેદના ‘શક્તિસૂક્ત’માં તેનો ઉલ્લેખ કરીને શક્તિપૂજા અને ઉપાસનાનું મહત્ત્વ દર્શાવવામાં આવ્યું છે. શક્તિનાં મુખ્ય ચાર સ્વરૂપોનું વર્ણન વેદોમાં જોવા મળે છે. તે મુજબ માહેશ્વરી, મહાકાળી, મહાલક્ષ્મી અને મહાસરસ્વતીનો સમાવેશ થાય છે.

વળી, હડપ્પા અને મોહેં-જો-દડોની દ્રવિડ સંસ્કૃતિના અભ્યાસમાં શક્તિપૂજાનાં પ્રમાણો મળે છે. આમ, શક્તિને સમગ્ર વિશ્વની સૃષ્ટિના સર્જક, ધનદાત્રી અને અખૂટ શક્તિ તથા પ્રાણના સ્રોત તરીકે ગણવામાં આવે છે.

આ શક્તિપૂજાનું પર્વ એટલે નવરાત્રિ. નવરાત્રિ આમ તો વર્ષમાં બે વાર આવે છે, જેમાં એક ચૈત્ર નવરાત્રિ અને બીજી આસો નવરાત્રિ છે. પરંતુ આસો નવરાત્રિ ગુજરાતમાં વિશેષ મહત્ત્વ ધરાવે છે. આ પર્વ સાથે ગરબા રમવાનું મહત્ત્વ પણ વિશેષ રીતે પ્રસ્થાપિત થયું છે. ગરબો ગુજરાતનું વિશિષ્ટ લોકનૃત્ય ગણાય છે, જે મૂળતઃ માતૃભક્તિ કે શક્તિવંદના સાથે સંકળાયેલું છે. જોકે, કાળક્રમે તેના સ્વરૂપમાં બદલાવ આવતો રહ્યો છે, તેમ છતાં ગુજરાતની વિશિષ્ટ પરંપરા તરીકે તેનું મહત્ત્વ અને આદર વધતાં રહ્યાં છે.



શક્તિપૂજા અને આ મહાપર્વ વિશે વાત કરતાં ગુજરાતની ત્રણ શક્તિપીઠોનો ઉલ્લેખ પણ જરૂરી છે. માર્કંડેય પુરાણમાં આદ્યશક્તિની ઉત્પત્તિની

> **માર્કંડેય પુરાણમાં આદ્યશક્તિની ઉત્પત્તિની કથા વર્ણવવામાં આવી છે**

કથા વર્ણવવામાં આવી છે, જેમાં ભારતખંડમાં ૫૨ શક્તિપીઠોનો ઉલ્લેખ છે, જ્યારે દેવીભાગવતમાં ૧૦૮ શક્તિપીઠોનું વર્ણન છે, કેટલાક સ્રોતોમાં ૫૧ શક્તિપીઠોનો ઉલ્લેખ મળે છે.

ગુજરાતની મુખ્ય ત્રણ શક્તિપીઠોમાં પાવાગઢમાં કાલિકામાતા, ગબ્બર (અંબાજી) ખાતે અંબામાતા તથા બહુચરાજી નજીક આવેલા શંખલપુર (મહેસાણા જિલ્લો)નો સમાવેશ થાય છે. આ સિવાયનાં દૈવી સ્થાનકોને શક્તિધામ કહી શકાય પરંતુ મૂળ શક્તિપીઠ નહીં.

જો કે આ શક્તિ પર્વની ઉજવણી સ્ત્રીશક્તિના આદર સાથે કરીએ, તો જ પર્વનું મહત્ત્વ જળવાઈ રહેશે.



## સપ્તાહનાં વ્રત-તહેવાર

**તા.૧૨ થી તા.૧૮ ઑક્ટોબર ૨૦૨૬**



**તા. ૧૨ સોમવાર**
આસો સુદ બીજ: ચંદ્ર દર્શન.

**તા. ૧૩ મંગળવાર**
આસો સુદ ત્રીજ-: સપ્તરાત્રોત્સવારંભ.

**તા. ૧૪ બુધવાર**
આસો સુદ ચોથ-:વિનાયક ચોથ.

**તા. ૧૫ ગુરુવાર**
સુદ પાંચમ-: લલિતા પાંચમ વ્રત, રાષ્ટ્રીય વિદ્યાર્થી દિન.

**તા. ૧૬ શુક્રવાર**
આસો સુદ છઠ-:સરસ્વતી આવાહન.

**તા. ૧૭ શનિવાર**
આસો સુદ સાતમ-: ત્રિરાત્રોત્સવારંભ, સરસ્વતી પૂજન, સાતમ વૃદ્ધિતિથિ.

**તા. ૧૮ રવિવાર,**
આસો સુદ સાતમ-:ભાનુસપ્તમી,હવનાષ્ટમી, મહાલક્ષ્મી પૂજન, સરસ્વતી બલિદાન,આયંબિલ ઓળી પ્રા. (જૈન).